અમદાવાદમાં 18 ઇંચ વરસાદ ખાબક્યો

એરપોર્ટમાં પાણી ઘૂસ્યા, લશ્કરની 6 ટીમે સાથે NDRF મેદાને

શેલા અને બોપલમાં પાણીમાં ગરકાવ, સમરસ ગર્લ્સ હોસ્ટેલ પાણીમાં

ખોખરા વિસ્તારમાં બસ ફસાઈ, 55 મુસાફરનો બચાવ

અમદાવાદઃ અમદાવાદમાં પડેલા રેકોર્ડબ્રેક વરસાદે સમગ્ર શહેરમાં પૂરસમાન સ્થિતિ સર્જી છે. અનેક વિસ્તારો પાણીમાં ગરકાવ થતાં જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત બની ગયું છે. પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે રાહત અને બચાવ કામગીરી માટે ભારતીય સેનાની 6 કોલમ તથા ઓડિશાથી મંગાવવામાં આવેલી NDRFની 2 વધારાની ટીમોને મેદાને ઉતારી છે.

લશ્કરની ત્રણ કોલમ અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં અને ત્રણ કોલમ શહેરના અસરગ્રસ્ત વિસ્તારોમાં કામગીરી કરશે. સેના, ફાયર બ્રિગેડ, NDRF અને સ્થાનિક તંત્ર સંયુક્ત રીતે પાણીના ઝડપી નિકાલ, બચાવ કામગીરી અને નાગરિકોને સુરક્ષિત સ્થળે ખસેડવાના પ્રયાસો કરી રહ્યા છે.

મેયરે જણાવ્યું હતું કે કેટલાક વિસ્તારોમાં અંદાજે 18 ઈંચ જેટલો વરસાદ નોંધાતા જળભરાવની ગંભીર સ્થિતિ સર્જાઈ છે. વરસાદ બંધ થતાં ધીમે-ધીમે પાણી ઓસરવાનું શરૂ થયું છે અને આગામી સમયમાં સ્થિતિ સામાન્ય બનવાની આશા વ્યક્ત કરવામાં આવી છે.સરદાર વલ્લભભાઈ પટેલ એરપોર્ટના ડોમેસ્ટિક ટર્મિનલમાં વરસાદી પાણી ઘૂસી જતાં મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. ટર્મિનલની છતમાંથી પાણી ટપકતાં અનેક સ્થળોએ પ્લાસ્ટિકના ટબ મૂકવાની ફરજ પડી હતી. ટર્મિનલની બહાર ઘૂંટણસમા પાણી ભરાતા મુસાફરોમાં ભારે રોષ જોવા મળ્યો. જ્યારે ખોખરા વિસ્તારમાં બસ ફસાઈ ગઈ હતી.

સમરસ ગર્લ્સ હોસ્ટેલ પાણીમાં ગરકાવ

ગુજરાત યુનિવર્સિટી કેમ્પસમાં આવેલી સમરસ ગર્લ્સ હોસ્ટેલમાં મેસ સહિત સમગ્ર પરિસરમાં પાણી ભરાઈ જતાં લગભગ 1,000 વિદ્યાર્થિનીઓ મુશ્કેલીમાં મૂકાઈ હતી. ખાવા-પીવાથી લઈને આવન-જાવન સુધીની તમામ વ્યવસ્થા ખોરવાઈ ગઈ હતી. મકરબા પોલીસ હેડક્વાર્ટર અને આસપાસના વિસ્તારોમાં વરસાદ બંધ થયા બાદ પણ ગટરનાં પાણી બેક મારતાં કેડસમા પાણી ભરાયેલા જોવા મળ્યા હતા. 1,000થી વધુ ઘરોમાં પાણી ઘૂસી જતાં અસરગ્રસ્ત પરિવારોને સરકારી શાળામાં આશરો લેવાની ફરજ પડી હતી. શેલા વિસ્તારમાં આવેલી અનેક સોસાયટીઓમાં પાણી ઘૂસી જતાં લોકો ઘરોમાં જ ફસાઈ ગયા હતા. આકાશ રેસિડેન્સીના બેઝમેન્ટમાં 20થી વધુ કાર પાણીમાં ગરકાવ થઈ ગઈ હતી. ક્લબ 07 રોડ સંપૂર્ણપણે બંધ થઈ ગયો હતી અને અનેક સ્થળોએ ટ્રેક્ટરના સહારે અવરજવર કરવી પડી હતી. બોપલના સેન્ટોઝા પાર્કમાં આશરે આઠ ફૂટ જેટલું પાણી ભરાતા અનેક બંગલાઓ જળબંબાકાર બન્યા હતા. ફાયર બ્રિગેડ, રાજ્ય સરકારની ટીમો અને ભારતીય સેનાના સંયુક્ત ઓપરેશનમાં બોટ મારફતે અંદાજે 50 લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા હતા.

સાબરમતીના છારાનગરમાં 11 લોકો રેસ્ક્યુ કરાયા

સાબરમતીના છારાનગર સ્થિત રબારીવાસમાં પાણી ભરાઈ જતાં કેટલાક લોકો મકાનના ધાબા પર ફસાઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં ફાયર વિભાગે તાત્કાલિક રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરી તમામ 11 લોકોને સલામત રીતે બહાર કાઢીને સુરક્ષિત સ્થળે ખસેડ્યા હતા. ભારે વરસાદને કારણે નીચાણવાળા વિસ્તારમાં પાણીનું સ્તર ઝડપથી વધી જતાં લોકો ધાબા પર આશરો લેવા મજબૂર બન્યા હતા. સાબરમતી અને ચાંદખેડા વિસ્તારમાં પણ અનેક સ્થળોએ ઘૂંટણ સુધી પાણી ભરાયા હતા. સાબરમતી અને ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં પણ પાણી ભરાયાં હતાં. આ ઉપરાંત સાબરમતીના રામનગર, વરસોડાની ચાલી, શાક માર્કેટ સહિતના વિસ્તારો પાણીમાં ગળકાવ થઈ જતા વાહન વ્યવહાર બંધ કરવામાં આવ્યો હતો. તેવી જ રીતે ચાંદખેડાના માન સરોવર, સ્નેહ પ્લાઝા, સંવિધાન સર્કલ, ચંદન પાર્ક, હાઉસિંગ બોર્ડ ન્યૂ સીજી રોડ સહિતના વિસ્તારોમાં પાણી ભરાતા લોકો મારે હાલાકીમાં મૂકાયા હતા.

મોદી સરકાર જેનઝીની અને સોશ્યલ મીડિયાની તાકાતને સમજવામાં થાપ ખાઈ ગઈ છે

ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીને સોશ્યલ મીડિયાની તાકાત ખબર છે. ભાજપનો આઇટી સેલ ઊભો કરીને સોશ્યલ મીડિયાનો ઉપયોગ મોદી સરકારને પ્રમોટ કરવામાં આવ્યો છે, તેટલો ભારતની કોઈ સરકારને પ્રમોટ કરવા માટે કરવામાં આવ્યો નહીં હોય, તેમ છતાં જેનઝીના જંતરમંતર આંદોલન દરમિયાન આ હથિયાર મોદીને બૂમરેંગ થઈ રહ્યું છે. તમે ફેસબુક કે ઇન્સ્ટાગ્રામ મુંબઈ પોલીસની ગાડીને એક હાથ વડે રોકીને ઊભેલી બહાદુર યુવતીની રીલ જોઈ હશે. આ રીલ જોતજોતામાં કરોડો દર્શકો સુધી પહોંચી ગઈ છે અને તેણે મોદી સરકારની છબીને ભરપાઈ ન કરી શકાય તેવું નુકસાન કરીને સોશ્યલ મીડિયાની તાકાતનો પરચો આપી દીધો છે. રિયા આહિર-ચાદવ નામની આ યુવતી મુંબઈના દાદરમાં યોજાયેલા વિરોધ પ્રદર્શનમાં સામેલ થઈ હતી. તેના અનેક સાથીઓની અટકાયત કરીને પોલીસે તેમને વાનમાં પૂરી દીધાં હતાં. રિયાએ પોલીસ સાથે બહુ દલીલ કરી કે તેઓ ગેરકાયદે અટકાયત કરી રહ્યા છે, પણ પોલીસે તેની વાત કાને ધરી નહીં. રિયાને થયું કે તે જો ત્વરિત પગલું નહીં ભરે તો ગાડી સ્ટાર્ટ થઈ જશે અને તેના સાથીઓ જેલના સળિયા પાછળ ધકેલાઈ જશે. જરા પણ વિચાર કર્યા વિના રિયા આહિર આગળ આવીને પોલીસની ગાડી સામે ઊભી રહી ગઈ અને તેણે ડ્રાઇવરને પડકાર કર્યો કે તારામાં તાકાત હોય તો મારા પર ગાડી ચલાવી દે. ડઘાઈ ગયેલા ડ્રાઇવરને ગાડી ઊભી રાખવાની ફરજ પડી.

રિયાની હિંમત જોઈને રસ્તે ચાલતાં રાહદારીઓ અને આંદોલનકારીઓ પણ તેની મદદે દોડી આવ્યાં અને પોલીસની વિરુદ્ધમાં નારા પોકારવા લાગ્યા. પબ્લિકનો જુસ્સો જોઈને પોલીસને બધા યુવાનોને ત્યાં જ છોડી મૂકવાની ફરજ પડી. આ યુવતીની ક્લિપ જોતજોતામાં વાઇરલ થઈ ગઈ અને લોકો તેને આધુનિક ઝાંસીની રાણી તરીકે બિરદાવવા લાગ્યાં. આજે સોશ્યલ મીડિયામાં હજારો ઇન્ફ્લુએન્સરો રીલ બનાવીને રિયાની બહાદુરીને બિરદાવી રહ્યાં છે. રિયાનું આ પરાક્રમ મોદી સરકારની પોલીસના અન્યાયનું અને તેની સામેના જેનઝીના પ્રતિકારનું જ્વલંત ઉદાહરણ બની ગયું છે. મોદી સરકારે અબજો રૂપિયાનો ખર્ચો કરીને સોશ્યલ મીડિયામાં જે ઉજળી ઇમેજ બનાવી હતી, તે રિયા આહિરની એક જ રીલની તાકાતને કારણે ધૂળધાણી થઈ ગઈ છે.

પેપર લીકના સરકારના સંચાલન સામે ૨૦ જુલાઈના રોજ થયેલાં પ્રદર્શનો દરમિયાન પોલીસ દ્વારા શાંત પ્રદર્શન કરી રહેલાં યુવાનો પર લાઠીઓ વીંઝવામાં આવી તે બધાનું યુવાનો દ્વારા રેકોર્ડિંગ કરવામાં આવ્યું હતું. પોલીસે પ્રદર્શનકારીઓના તમામ આરોપો અને કાર્યવાહીમાં વધુ પડતા બળપ્રયોગના મીડિયા અહેવાલોને નકારી કાઢ્યા હતા, પરંતુ ત્યાં સુધીમાં સોશ્યલ મીડિયા વિરોધ કરી રહેલાં વિદ્યાર્થીઓ દ્વારા રેકોર્ડ કરાયેલા પુરાવાઓથી છલકાઈ ગયું હતું. સરકાર સામે દિલ્હી હાઇ કોર્ટમાં અરજી કરવામાં આવી તેમાં પણ આ પુરાવા રજૂ કરવામાં આવ્યા હતા. બાર વર્ષ પહેલાં, નરેન્દ્ર મોદી સત્તા પર આવ્યા અને તેમણે ઘણી મહેનત કરી જનતા સુધી પહોંચવા માટે સોશ્યલ મીડિયા પ્લેટફોર્મનો અસરકારક રીતે ઉપયોગ કર્યો હતો. આજે, જનરલ ઝેડ સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ પર તેમના હિન્દુ બહુમતીવાદી પક્ષના વર્ચસ્વને ઉલટાવી રહ્યું છે. યુવાનો મોદી સરકારની સામે તેમનાં જ સાધનોનો ઉપયોગ કરી રહ્યાં છે, જેના પર ભારતીય જનતા પાર્ટી લાંબા સમયથી આધાર રાખે છે. ભાજપના મીડિયા સેલ દ્વારા મોદી સરકારના ગુણગાન ગાતી કોન્ટેન્ટ પત્રકારોને કરોડો રૂપિયા આપીને તૈયાર કરવામાં આવે છે અને તેને વિવિધ સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ પર પ્રમોટ કરવા માટે પણ કરોડો રૂપિયાનો ખર્ચો કરવામાં આવે છે. તેથી વિરુદ્ધ જંતરમંતરમાં ચાલી રહેલા આંદોલન અને ખાસ કરીને યુવાનો પર પોલીસો દ્વારા કરવામાં આવતા અત્યાચારોના વીડિયો જેનઝી દ્વારા શૂટ કરીને અપલોડ કરવામાં આવી રહ્યા છે, જે જોતજોતામાં દુનિયાભરનાં કરોડો દર્શકો સુધી પહોંચી જાય છે. આ વીડિયોને જેનઝીના હજારો ઇન્ફ્લુએન્સરો દ્વારા પોતપોતાના પ્લેટફોર્મ પર જલદ કોમેન્ટ સાથે અપલોડ કરવામાં આવે છે, જેને કારણે મોદી સરકારની ઇમેજને ભારે નુકસાન પહોંચી રહ્યું છે, પણ સરકાર પાસે તેનો જવાબ નથી.

જેનઝી દ્વારા સોશ્યલ મીડિયાનો કેવી રીતે ખૂબીપૂર્વક ઉપયોગ કરવામાં આવે છે, તેનું બીજું ઉદાહરણ તાજેતરમાં મુંબઈમાં જોવા મળ્યું. મોદી સરકારના વિરોધમાં ભાગ લેનારા બે-ત્રણ યુવાનોની પોલીસે અટકાયત કરી લીધી અને તેમને વાનમાં બેસાડીને એક પોલીસ અધિકારી થાણે લઈ જતા હતા. રસ્તામાં યુવાનોએ પોલીસ અધિકારી સાથે માથાકૂટ ચાલુ કરી કે અમારી કયા ગુના હેઠળ ધરપકડ કરવામાં આવી છે, તે જણાવો. ગુસ્સે ભરાયેલા પોલીસ અધિકારીએ યુવાનોને ધમકી આપી કે બહુ બડબડ કરી તો તમારા ખિસ્સામાં ૫૦-૫૦ ગ્રામ માદક દ્રવ્યોના પાવડરનું પડીકું મૂકી દઈશ તો ૬ મહિના સુધી તમને જામીન પણ નહીં મળે. બાપડા અધિકારીને ખબર નહોતી કે એક યુવાન તેનો ડાયલોગ મોબાઇલ વડે રેકોર્ડ કરી રહ્યો છે. વાનમાં બેઠાં બેઠાં જ યુવાને તે વીડિયો સોશ્યલ મીડિયા પર અપલોડ કર્યો. જોતજોતામાં તે વીડિયો જંગલી આગની જેમ વાઇરલ થઈ ગયો અને મહારાષ્ટ્ર સરકાર સુધી પણ પહોંચી ગયો. સરકારે આ ગંભીર ઘટનાની તાત્કાલિક નોંધ લીધી અને ધમકી આપનારા પોલીસ અધિકારીને સસ્પેન્ડ કરી નાખ્યો.

જંતરમંતર વિરોધ આંદોલન પરનું કોઈ દૃશ્ય કેમેરાથી છુપાયેલું નથી, જ્યાં હજારો યુવાનો ચોવીસ કલાક રેકોર્ડિંગ કરતા રહે છે. ૨૦ જુલાઈનાં દૃશ્યો જોઈને સમગ્ર ભારતમાં, મુંબઈ, બેંગલુરુ, પટના, લખનૌ અને ઐઝોલ જેવાં શહેરોનાં યુવાનો ઉશ્કેરાઈ ગયાં હતાં અને તેમણે સ્વયંભૂ રીતે પોતપોતાનાં શહેરોમાં વિરોધ પ્રદર્શનો શરૂ કર્યાં હતાં. યુવાનો દ્વારા તેમના મોબાઇલમાં જે દૃશ્યો રેકોર્ડ કરીને સોશ્યલ મીડિયામાં ફેલાવવામાં આવે છે, તેને કારણે દિલ્હી પોલીસનો અને મોદી સરકારનો બિહામણો ચહેરો બહાર આવી ગયો છે. એક પોલીસ અધિકારી એક મહિલા પ્રદર્શનકારીની પીઠ પર ડંડો ફેંકી રહ્યા છે; રાષ્ટ્રીય રાજધાનીમાં પહેલી વાર પોલીસ સાથે તૈનાત અર્ધલશ્કરી દળ દ્વારા ઘાતક પેલેટ ગનનો ઉપયોગ થઈ રહ્યો છે; ડઝનબંધ પોલીસ અધિકારીઓ રડતી અને વિનંતી કરતી એક માતાને ધક્કા મારી રહ્યા છે; નિઃશસ્ત્ર વિદ્યાર્થીઓને થપ્પડ મારીને પીછો કરતો બીજો અધિકારી; મોટા ચશ્માં પહેરેલા પોલીસ અધિકારીઓ; વિરોધ પટ્ટીની બહાર ક્ષતિગ્રસ્ત કારને રોકતા કાયદા અમલીકરણ એજન્ટો અને જ્યાં એક અધિકારી ટીયર ગેસથી ભાગતા વિદ્યાર્થીઓને આકસ્મિક રીતે ફસાવે છે તેવા ફૂટેજ વાઇરલ થયા છે.

મોદી પ્રત્યે મૈત્રીપૂર્ણ વલણ ધરાવતી મુખ્ય પ્રવાહની ટેલિવિઝન ન્યૂઝ ચેનલો પર વિરોધ પ્રદર્શનોને પૂરતા પ્રમાણમાં કવર ન કરવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. તેનું કારણ એ છે કે ગોદી મીડિયા દ્વારા પહેલાં જંતરમંતરના યુવા આંદોલનની ઉપેક્ષા કરવામાં આવી હતી, કારણ કે સરકાર ઇચ્છતી નહોતી કે તેનો પ્રચાર થાય. ગોદી મીડિયાની આ કમી સોશ્યલ મીડિયા દ્વારા સરભર કરવામાં આવી હતી, જેના દ્વારા જેનઝીના આંદોલનને બહોળી પ્રસિદ્ધિ મળી હતી. ૨૦ જુલાઈના સોનમ વાંગચૂકની ધરપકડને પગલે આંદોલન પ્રચંડ થઈ ગયું ત્યારે ગોદી મીડિયા કેમેરા લઈને તેને કવર કરવા દોડી આવ્યું હતું; પરંતુ યુવાનો દ્વારા તેમનો હુરિયો બોલાવવામાં આવ્યો હતો. બીજી તરફ સરકારના વિરોધમાં રિપોર્ટિંગ કરતાં પત્રકારોને ભારે માન આપવામાં આવ્યું હતું. ભાજપના આઇટી સેલ દ્વારા મૂકવામાં આવતી સોશ્યલ મીડિયા પોસ્ટ હજારો યુવા ઇન્ફ્લુએન્સરો દ્વારા સ્પામ કરવામાં આવે છે. ભારતના ન્યાયતંત્રને પણ સોશ્યલ મીડિયાની તાકાતનો પરચો મળી ગયો છે. હકીકતમાં સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ સૂર્યકાંતની કોકોચવાળી કોમેન્ટના પરિણામે જ કોકોચ જનતા પાર્ટીનો જન્મ થયો હતો, જેને ઇન્સ્ટાગ્રામ પર કરોડો યુવાનોનું સમર્થન મળ્યું હતું. હવે જેનઝીના કોન્ટેન્ટ ક્રિયેટરો ચીફ જસ્ટિસની 'યુવાનો પરના લાઠીચાર્જનો વીડિયો જોવાનો ટાઇમ નથી' મતલબની કોમેન્ટ પર મેમ બનાવી રહ્યા છે, જેને જોઈને સુપ્રીમ કોર્ટે તેની કાર્યવાહીનું રેકોર્ડિંગ સોશ્યલ મીડિયા પર મૂકવા પર પ્રતિબંધ ફરમાવી દીધો છે. ભાજપ સરકારે જેનઝીની તાકાતને ઓછી આંકવાની ભૂલ કરી, તેનું પરિણામ તે હવે ભોગવી રહી છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

મોદી સરકારે અબજો રૂપિયાનો ખર્ચો કરીને સોશ્યલ મીડિયામાં જે ઉજળી છમેજ બનાવી હતી, તે રિયા આહિરની એક જ રીલની તાકાતને કારણે ધૂળધાણી થઈ ગઈ છે

અમદાવાદ-રાજકોટ હાઈવે બંધ, બગોદરા-સનાથલ વચ્ચે 7 ફૂટ પાણી ભરાયા

અમદાવાદઃ અમદાવાદમાં છેલ્લા બે દિવસથી વરસી રહેલા અતિભારે વરસાદની અસર હવે રાજ્યના મુખ્ય માર્ગો પર પણ જોવા મળી રહી છે. ચાંગોદર નજીક અમદાવાદ-રાજકોટ હાઈવે પર ભારે પાણી ભરાઈ જવાથી બગોદરા-સનાથલ હાઈવે બંને તરફથી વાહનવ્યવહાર માટે તાત્કાલિક બંધ કરવામાં આવ્યો છે. માર્ગ પર અનેક સ્થળોએ અંદાજે ૬થી 7 ફૂટ જેટલું પાણી ભરાઈ જતાં અનેક વાહનો ફસાઈ ગયા હતા.

અમદાવાદ ગ્રામ્ય પોલીસના એસપી ઓમ પ્રકાશ જાટે જણાવ્યું હતું કે, અમદાવાદમાં છેલ્લા બે દિવસથી વરસી રહેલા અતિભારે વરસાદની અસર હવે રાજ્યના મુખ્ય માર્ગો પર પણ જોવા મળી રહી છે. ચાંગોદર નજીક અમદાવાદ-રાજકોટ હાઈવે પર ભારે પાણી ભરાવાથી ફસાયેલા વાહનોને સુરક્ષિત રીતે બહાર કાઢવા અને મુસાફરોની સલામતીને ધ્યાનમાં રાખીને બગોદરા-સનાથલ હાઈવે હાલ પૂરતો બંને બાજુથી બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. પાણીનું સ્તર ઘટ્યા બાદ જ હાઈવે પર વાહનવ્યવહાર ફરી શરૂ કરવામાં આવશે.

વાહનચાલકોને હાલ માટે વૈકલ્પિક માર્ગોનો ઉપયોગ કરવાની અપીલ કરવામાં આવી છે. બગોદરાથી અમદાવાદ તરફ આવતા વાહનોને વેજલકા થઈને એક્સપ્રેસવે મારફતે એસ.પી. રિંગ રોડ તરફ ડાયવર્ટ કરવામાં આવી રહ્યા છે. જ્યારે અમદાવાદથી રાજકોટ અને સૌરાષ્ટ્ર તરફ જતાં વાહનોને સનાથલ સર્કલથી એક્સપ્રેસવે મારફતે વેજલકા તરફ જવાનો માર્ગ સૂચવવામાં આવ્યો છે.

આ ઉપરાંત વિરમગામ-સુરેન્દ્રનગર માર્ગનો પણ વૈકલ્પિક રૂટ તરીકે ઉપયોગ કરવાની સલાહ આપવામાં આવી છે. આ તમામ ડાયવર્ઝન રૂટ સામાન્ય માર્ગ કરતાં અંદાજે 40થી 50 કિલોમીટર લાંબા હોવાથી મુસાફરોને વધારાનો સમય લાગવાની શક્યતા છે.

અમદાવાદ-બીલીમોરા રેલખંડમાં પાણી ભરાતાં અનેક ટ્રેનો રદ, ડાયવર્ટ કરાઈ

અમદાવાદ-વિરમગામ રેલ માર્ગ પર પાણી ફરી વળતાં ટ્રેન વ્યવહાર અટવાયો

અમદાવાદઃ રાજ્યમાં સતત વરસી રહેલા ભારે વરસાદની અસર હવે રેલવે વ્યવસ્થા પર પણ જોવા મળી રહી છે. પશ્ચિમ રેલવેના બિલીમોરા રેલખંડ તેમજ અમદાવાદ-વિરમગામ રેલમાર્ગ પર પાણીભરાવ સર્જાતા મુસાફરોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને અનેક ટ્રેનો રદ, આંશિક રદ, માર્ગ પરિવર્તિત તેમજ વિલંબિત કરવામાં આવી છે.

પશ્ચિમ રેલવેના સત્તાવાર સૂત્રોના જણાવ્યા પ્રમાણે બિલીમોરા રેલખંડમાં ભારે જળભરાવને કારણે ટ્રેન વ્યવહાર સુરક્ષાના હિતમાં અસ્થાયી ધોરણે સ્થગિત કરવામાં આવ્યો છે. બીજી તરફ અમદાવાદ મંડળના છારોડી અને વિરમગામ સ્ટેશનો વચ્ચે ટ્રેક પર પાણી ભરાતા અનેક ટ્રેન સેવાઓ પ્રભાવિત થઈ છે.

સંપૂર્ણ રદ કરાયેલી ટ્રેનો

24 જુલાઈના રોજ વિરમગામ-અમદાવાદ-વિરમગામ MEMU (ટ્રેન નં. 69186/69185) તથા વિરમગામ-મહેસાણા-વિરમગામ પેસેન્જર (ટ્રેન નં. 59512/59511) સંપૂર્ણપણે રદ કરવામાં આવી હતી.

આંશિક રીતે રદ કરાયેલી ટ્રેનો

વડનગર-વલસાડ સુપરફાસ્ટ એક્સપ્રેસ (ટ્રેન નં. 20960) વડનગરના બદલે ગાંધીનગર કેપિટલથી ઉપડશે અને વડનગર-ગાંધીનગર કેપિટલ વચ્ચે દોડશે નહીં.

વેરાવળ-ગાંધીનગર કેપિટલ ઇન્ટરસિટી એક્સપ્રેસ (ટ્રેન નં. 19120) સુરેન્દ્રનગરથી ગાંધીનગર કેપિટલ વચ્ચે રદ રહેશે.

જ્યારે ગાંધીનગર કેપિટલ-વેરાવળ ઇન્ટરસિટી એક્સપ્રેસ (ટ્રેન નં. 19119) 25 જુલાઈએ ગાંધીનગર કેપિટલથી સુરેન્દ્રનગર વચ્ચે નહીં દોડે.

અનેક ટ્રેનોના રૂટમાં ફેરફાર

ગાંધીધામ-નાગરકોયલ એક્સપ્રેસ (16335), ઓખા-અમદાવાદ નમો ભારત રેપિડ રેલ (94802) અને વેરાવળ-જબલપુર એક્સપ્રેસ (11463)ને વિરમગામ-કટોસણ રોડ-કલોલ-અમદાવાદ માર્ગ પરથી ડાયવર્ટ કરીને દોડાવવામાં આવશે.

BUSINESS મિત્ર

સતત પમા દિવસે સેન્સેક્સ ધડામ, 91,500 કરોડ સ્વાહા

આખુંય અઠવાડિયું સેન્સેક્સ-નિફ્ટી લાલ નિશાનમાં

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 24: ભારતીય શેરબજારમાં આજે સતત પાંચમા ટ્રેડિંગ સેશનમાં લાલ નિશાનમાં બંધ રહ્યું હતું. આજે પણ સેન્સેક્સ 917 પોઇન્ટ જેટલો તૂટી ગયો હતો, જે મિડ સેશન બાદ થોડોક રીકવર થયો હતો અને છેલ્લે 331 પોઇન્ટ ઘટીને બંધ રહ્યો હતો.

મીડલ ઈસ્ટમાં ચાલી રહેલા સંકટને કારણે ક્રુડ ઓઈલના ભાવમાં થયેલા વધારાને કારણે સેન્સેક્સ-નિફ્ટી ઘટાડા સાથે બંધ રહ્યા હતા. જોકે, આજે ક્રુડ ઓઈલ 100 ડોલરની નીચે ઉતરી ગયો હતો અને આરબીઆઈની દરમ્યાનગીરીથી રૂપિયો પણ સુધર્યો હતો. આ દરમ્યાન સપ્તાહના અંતિમ દિવસના કારણે માથે લેણ રાખવાથી ટ્રેડર્સ અને રોકાણકારો દુર રહ્યા હતા. રોકાણકારોની સાવચેતીના કારણે બીએસઈ લિસ્ટેડ કંપનીઓની માર્કેટ કેપ રૂ. 91510 કરોડનો ઘટાડો થઈને રૂ. 475 લાખ કરોડ પર પહોંચી ગયો છે. આમ, રોકાણકારોને રૂ. 91500 કરોડનું નુકશાન થયું છે.

આ ઉપરાંત, જુન ક્વાર્ટરની કમાણીના ડેટા જાહેર થઈ રહ્યા છે, જે કંપનીઓના પરિણામો મિશ્ર વલણ દાખવી રહ્યા છે, જેથી રોકાણકારોમાં હજુય તેજીનો માહોલ જામી રહ્યો નથી અને સાવચેતી સાથે ટુંકા નફા-નુકશાન સાથે કામકાજ કરતા જોવા મળી રહ્યા છે. બીએસઈ સેન્સેક્સ 331.62 પોઇન્ટ એટલે કે 0.43 ટકા ઘટીને 76059.77 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 76210 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે નીચામાં 75474 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 102.15 પોઇન્ટ એટલે કે 0.43 ટકા ઘટીને 23800 પોઇન્ટની સપાટી તોડીને 23767.45 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 23823 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 23606 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 101.50 પોઇન્ટ એટલે કે 0.18 ટકા વધીને 56693.50 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

આરબીઆઇની દરમ્યાનગીરીથી રૂપિયો સુધર્યો

આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રુડ ઓઇલની તેજીની વચ્ચે નબળો રૂપિયો આરબીઆઇએ દરમ્યાનગીરીના લીધે મજબૂત ખુલ્યો હતો. અને આજે રૂપિયામાં પ્રત્યાઘાતી સુધારો જોવા મળ્યો હતો, જે છેલ્લે સપાટ બંધ રહ્યો હતો. આમ, કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયો માત્ર 2 પૈસા સુધરીને 96.56ના સ્તરે બંધ રહ્યો હતો. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 96.58ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 109.72, પાઉન્ડ 128.74, કેનેડિયન ડોલર 68.48, જાપાનીઝ યેન 0.5895 અને સીંગાપોર ડોલર 74.85ના સ્તરે બંધ રહ્યા હતા.

ફોરેક્સ બજાર	
ડોલર	96.56 રૂ.
યુરો	109.73 રૂ.
પાઉન્ડ	128.76 રૂ.
યેન	0.5908 રૂ.

બીએસઈ ખાતે એઆઈએ એન્જિનીયરીંગમાં 16.58 ગણા, નુવામા વેલ્થ મેનેજમેન્ટમાં 8.93 ગણા, આઈસીઆઈસીઆઈ પ્રુડન્શીયલમાં 8.69 ગણા, એચસીએલ ટેકનોમાં 8.25 ગણા અને સાયન્ટ લિ.માં 7.28 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે મોતીલાલ ઓશવાલ સર્વિસીસમાં 22.1 ગણા, સાયન્ટ લિ.માં 9.41 ગણા, નુવામા વેલ્થ મેનેજમેન્ટમાં 8.87 ગણા, સેફાયર ફુડસ લિ.માં 8.66 ગણા અને બ્લુડાર્ટ એક્સપ્રેસમાં 5.49 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં પણ ઘટાડો આગળ વધ્યો હતો. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 01.6 ટકા અને સમોલકેપ ઈન્ડેક્સ 0.23 ટકા ઘટ્યો છે. જોકે, માર્કેટ બ્રેડથ સપાટ રહી હતી. બીએસઈ ખાતે 2140 શેરો વધ્યા હતા, જ્યારે 2035 શેરો ઘટ્યા હતા અને 217 શેરો યથાવત રહ્યા હતા.

કોમોડિટી બજારમાં સપ્ટેમ્બર 2026 સેટલમેન્ટ માટે બ્રેન્ટ ક્રુડ 3.56 ડોલર એટલે કે 2.54 ટકા ઘટીને 97.13 ડોલર પ્રતિ બેરલ બોલાઈ રહ્યા હતા.

નિફ્ટી ઓટો ઈન્ડેક્સ 1.10 ટકા ઘટ્યો છે. જે અગાઉ ત્રણ ટ્રેડિંગ સેશનમાં 1.19 ટકાનો વધારો થયો છે. જેમાં હીરો મોટોકોર્પ, મહિન્દ્રા-મહિન્દ્રા, ટયુબ ઈન્વેસ્ટમેન્ટ, બજાજ ઓટો, ટીવીએસ મોટર કંપની, આઇશર મોટર, બોશ, ભારત ફોર્જ, સોના બીએમડબલ્યુ પ્રીસીઝન ફોર્જીંગ્સ અને યુનો મીન્ડા ઘટ્યા હતા. બીજી તરફ, એકસાઇડ ઈન્ડ., અશોક લેલેન્ડ અને મારૂતિ સુઝુકી ઉમેરાયા હતા.

વૈશ્વિક સ્તરે ડાઉ જોન્સ ફ્યુચર્સ 275 પોઇન્ટ વધ્યો હતો, જે આજે અમેરિકન બજારો પોઝિટિવ ખુલવાના સંકેત આપી રહ્યા છે. સત્તાવાર ડેટા દર્શાવે છે કે, જુનમાં યુકેના રિટેલ વેચાણ વોલ્યુમમાં એક ટકા વધ્યા પછી યુરોપિયન બજારોમાં વધારો થયો હતો. ગરમ હવામાન વચ્ચે એર કન્ડીશનર અને કપડા પરના મજબૂત ગ્રાહક ખર્ચને કારણે આ વધારો થયો હતો, જ્યારે ફીફા વર્લ્ડકપે પણ રિટેલ પ્રવૃત્તિને વેગ આપ્યો હતો, જે યુકેના અર્થતંત્રમાં ઉછાળાના સંકેતો ઉમેરે છે. જાપાનનો ફુગાવો જુનમાં વધીને 1.6 ટકા થયો હોવાથી એશિયન બજારો મોટાભાગે નીચા સ્તરે બંધ થયા હતા, પરંતુ સતત પાંચમા મહિને બેન્ક ઓફ જાપાનના 2 ટકા લક્ષ્યથી નીચે રહ્યા હતા. ઉત્પાદકના વધતા ભાવો અ નબળા યેન ફુગાવાના દબાણમાં વધારો કરી શકે છે અને વ્યાજદરમાં વધુ વધારા માટેના કેસને મજબૂત બનાવી શકે છે.

સેન્સેક્સ	-331.62	76059.77
નિફ્ટી	-102.15	23767.45
બેન્ક નિફ્ટી	101.50	56693.50

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
એચસીએલ ટેક્નો	2.11	1271.00
વિપ્રો	1.32	177.12
સીપલા	1.26	1410.60
આઇટીસી	0.76	283.45
HDFC લાઇફ	0.74	555.05

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
બજાજ ફાઇનાન્સ	2.60	1012.80
ઇટર્નલ	2.47	280.00
મહિન્દ્રા-મહિન્દ્રા	2.11	3161.40
શ્રીરામ ફાઇનાસ	2.02	1005.10
ટાટા કન્ઝ્યુમર	1.78	1088.00

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

| કંપ